# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1) સાયબર ગુનેગારો વિરુદ્ધ વિશેષ ઝુંબેશ શરૂ કરવા પોલીસ અધિકારીઓને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચના
2) રાજ્યના ગૃહ રક્ષક હવે 58 વર્ષની વય સુધી ફરજ બજાવી શકશે
3) 26 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલી ટોળકીને રાજકોટમાંથી ઝડપી લેવાઈ.
4) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં 1700 કરોડ રૂપિયાથી વધુના ખાદી ઉત્પાદનોનું વેચાણ થયું
5) 69મી રાજ્ય કક્ષાની SGFI થાંગ તા માર્શલ આર્ટમાં ભાવનગરના બે વિદ્યાર્થીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# OPERATION MULE HUNT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સાયબર ગુનેગારોને પકડવા રાજ્યમાં વિશેષ ઝુંબેશ શરૂ કરવા પોલીસ અધિકારીઓને સૂચના આપી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના "ઓપરેશન મ્યૂલ હન્ટ" અંગેગાંધીનગર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં શ્રી સંઘવીએ બેંકથી પોલીસ સ્ટેશન સુધીની તમામ સાયબર ગુના સંબંધિત બાબતો પર ચકાસણીકરી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી.

દરમિયાન નિર્દોષ ખાતાધારકના ખાતામાં પૈસા આવી ગયા હોય અને સાયબર ગુનામાં કોઈ જોડાણન હોય તેમને બિનજરૂરી હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા પણ તેમણે જણાવ્યું.

બેઠકમાં CID ક્રાઈમના મહાનિદેશક, વિવિધ પોલીસ કમિશનર, તમામ રેન્જ મહાનિરીક્ષક, જિલ્લા પોલીસ વડા જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# CM GRIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા-GRITના નવનિર્મિત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ કર્યું. આ રૂમમાં વિવિધ કામગીરીઓ અને પ્રગતિનું વિશ્લેષણ તથા યોજનાઓના અમલીકરણનું મૂલ્યાંકન અને કી પરફોર્મન્સ ઇન્ડિકેટર –કે.પી.આઇ. ડેટા ટ્રેકિંગ સહિતની બહુવિધ કામગીરી હાથ ધરાશે.

આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , વિકસિત ગુજરાત-2047" ના સંકલ્પને સાકાર કરવામાં આ વ્યૂહાત્મક રૂમની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે ઉમેર્યું , સ્થાપનાના 15 મહિનાના ટૂંકા ગાળામાં યુવા ટીમ સાથે GRIT રાજ્યની ભવિષ્યલક્ષી થિંક ટેન્ક તરીકે પ્રસ્થાપિત થયું છે. તેમણે ગ્રીટના અધિકારીઓ સાથે કારોબારી બેઠક પણ યોજી, જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , નાણાં, કૃષિ અને શિક્ષણ મંત્રી પણ હાજર રહ્યા.

. . . . . . . . . . . . .

# HOME GUARD DECISION

રાજ્યના ગૃહ રક્ષક હવે 58 વર્ષની વય સુધી ફરજ બજાવી શકશે. ગૃહ રક્ષક જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા રાજ્ય સરકારે મુંબઇ ગૃહરક્ષક નિયમો , 1953ના નિયમ-9માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. જેને પરિણામે હવે ગૃહરક્ષકની નિવૃત્તિ વયમર્યાદા 55 વર્ષથી વધીને 58 વર્ષ થશે.
આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , આ નિર્ણયથી ગૃહરક્ષક સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે.

બૃહદ મુંબઇ રાજ્યમાં ૬ઠ્ઠી ડીસેમ્બર, 1947ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે ગૃહરક્ષક દળની રચના કરાઇ હતી.

. . . . . . . . . . . . .

# RAJKOT CYBER FRAUD

26 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના ગુનામાં સડોવાયેલી ટોળકીને રાજકોટમાંથી ઝડપી લેવામાં આવી છે. શેરબજારમાં રોકાણ કરવી નફો મેળવાની લાલચ આપી ફરિયાદી પાસેથી 26 કરોડ 66 લાખ જેટલી રકમ આરોપીઓએ પડાવી લીધી હતી. જે અંગે સાયબર ગુના શાખાએ સાત આરોપીની ધરપકડ કરી હોવાનું સાયબર ગુના શાખાના પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું.

(બાઇટ : રાજદીપસિંહ ઝાલા, SP – CYBER CRIME)

. . . . . . . . . . . . .

# KUTCH DEMOLITION

કચ્છ જિલ્લાના કંડલાના મીઠા પોર્ટ પર આજે દરિયાકાંઠા અને રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઇ. સવારે 40 અધિકારીઓ, 500 પોલીસ કર્મચારીઓ અને 220 મશીનો સાથે આ કામગીરી શરૂ કરવામાં આવી, જેમાં 250 કરોડ રૂપિયાની કિંમતની લગભગ 100 એકર સરકારી જમીન પરથી દબાણ દૂર કરાયું હોવાનું નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીએ જણાવ્યું.

(બાઇટ : મુકેશ ચૌધરી – Dy.SP)

. . . . . . . . . . . . .

# KHADI SELLING

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં એક હજાર 700 કરોડ રૂપિયાથી વધુના ખાદી ઉત્પાદનોનું વેચાણ થયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર વર્ષ 2022-23 થી 2024-25 દરમિયાન ખાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ દ્વારા ખાદીનું વેચાણ કરીને આ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે , જેમાં વર્ષ 2024-25માં અંદાજે 683 કરોડથી વધુ ખાદી ઉત્પાદનોનું વેચાણ કરાયું છે.

ગાંધી જયંતિની ઉજવણીના ભાગરૂપે ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન નાગરિકોને ખાદી ઉત્પાદનો મૂળ કિંમત પર 30 ટકાના વળતર ભાવે મળે છે. જેના પરિણામે મોટા પ્રમાણમાં નાગરિકો ખાદી ખરીદવા આકર્ષાય છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# STATE SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR ઝુંબેશમાં રાજ્યમાં ગણતરીના તબક્કાની 99.76 ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. 5 કરોડ 8 લાખ પૈકી 74 લાખથી વધુ ગણતરી પત્રક પરત મળતા તેની ખરાઈ માટે બેઠકો યોજવામાં આવી રહી છે.અત્યારસુધીની કામગીરીમાં કુલ 4 લાખ 21 હજારથી વધુ 85 વર્ષથી વધુ વયના નાગરિકો ધ્યાને આવ્યા છે. જે મતદારોના નામ બે કે તેથી વધુ જગ્યાઓ પર તેવા 11 લાખ 58 હજારથી વધુ નોંધ ધ્યાને આવી છે. જેની ચકાસણી ચાલી રહી છે. આ ઉપરાંત 17 લાખ 94 હજારથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 10 લાખ 20 હજારથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા , આ ઉપરાંત 40 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ પાટણ જિલ્લામાં SIR અંતર્ગત 100 ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આ અંગે જિલ્લા કલેક્ટર તુષાર ભટ્ટ વધુ માહિતી આપી.

(બાઇટ : તુષાર ભટ્ટ – પાટણ કલેક્ટર)

. . . . . . . . . . . .

# SUBHASH BRIDGE UPDATE

અમદાવાદનો સુભાષબ્રિજ હજુ 15 ડિસેમ્બર સુધી બંધ રહેશે. બ્રિજ પર તિરાડ પડવાની ઘટના મામલે મહાનગરપાલિકાએ તપાસ શરૂ કરી છે. અલગ અલગ ત્રણ સંસ્થાઓ દ્વારા બ્રિજના ટેસ્ટિંગની કામગીરી કરવવામાં આવી રહી છે. આજે વડોદરાની કંપની દ્વારા બ્રીજના તમામ થાંભલા અને સ્પાનના ઇન્ટીગ્રિટી ટેસ્ટ કરાશે. બે દિવસ બાદ બ્રિજનો અહેવાલ આપવામાં આવશે.

આવતીકાલે SVNIT સુરતની ટીમ નિરીક્ષણ અને પરીક્ષણ માટે આવશે. બે દિવસ બાદ IIT મુંબઈ અને IIT રૂડકીની ટીમ પણ તપાસ કરશે. એક અઠવાડિયા સુધી બ્રિજની તપાસની કામગીરી કરાશે. ઘટના પર ઉચ્ચ અધિકારીઓની પણ નજર છે ત્યારે સમગ્ર બાબતે રાજ્ય સરકાર નિર્ણય લેશે.

. . . . . . . . . . . . .

# INAUGURATION OF GOVT. HOUSING

શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતીમાં નવરંગપુરા અમદાવાદ ખાતે નવ નિર્મિત સી કક્ષાના 44 સરકારી આવાસોનું લોકાર્પણ થયું.

આ પ્રસંગે મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું કે , સરકારી કર્મચારીઓ માટે સારા અને સુરક્ષિત નિવાસોની વ્યવસ્થા સરકાર દ્વારા કરાઇ રહી છે. કર્મચારીઓના પરિવારના હિત માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

. . . . . . . . . . . . .

# WEATHER

છેલ્લા 24 કલાકમાં કચ્છનું નલિયા 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે રાજ્યમાં સૌથી ઠંડું સ્થળ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું કે આગામી સાત દિવસ લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળશે નહીં.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ – નિયામક)

. . . . . . . . . . . . .

# BHAVNAGAR SGFI

69 મી રાજ્ય કક્ષાની શાળા રમતગમત મંડળ- SGFI થાંગ તા માર્શલ આર્ટની 17 વર્ષથી ઓછી વયની સ્પર્ધામાં ભાવનગરની લોકશાળા મણારનાં વિદ્યાર્થી મિલન મકવાણા અને દક્ષા મકવાણાએ રાજ્ય કક્ષાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આગામી દિવસોમાં તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઇ શાળા તેમજ ભાવનગર અને ગુજરાતનું ગૌરવ વધારશે. આ સિવાયનાં ખેલાડીઓ વનિતા મકવાણા બીજા નંબર તેમજ પ્રાંજલ માલમ, કિંજલ ચૌહાણ, ધાર્મિક મકવાણા અને આશિષ જાંબુચાએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો.

. . . . . . . . . . . . .